અપીલ અરજી નં.૩૭૫ તા.૨૫–૧–૧૦

અરજદારઃ– શ્રી કે. ક્રિષ્ના દાસ

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કે. ક્રિષ્ના દાસની તા.૧૯–૧૧–૦૯ ની અરજીથી
(૧) મૃત્યુનું પ્રમ ાણપત્ર મેળવવા અરજી કરનારના નામ અને સરનામાની વિગત
(૨) મૃત્યુનું પ્રમાણપત્ર મેળવનારના નામ સરનામાની વિગતે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૫–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૭૫/૨૦૦૯–૧૦

શ્રી કે. ક્રિષ્ના દાસની તા.૧૯–૧૧–૦૯ ની અરજીથી (૧) મૃત્યુનું પ્રમાણપત્ર મેળવવા અરજી કરનારના નામ અને સરનામાની વિગત (૨) મૃત્યુનું પ્રમાણપત્ર મેળવનારના નામ સરનામાની વિગતે માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં.વેસ્ટઝોન/ આ. નં.૫૧૯ તા.૧૯–૧૨–૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૪૯ તા.૩–૨–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૭૦૪ તા.૧૬–૨–૧૦ થી અત્રેના વિભાગને મળેલ પૂરક માહિતીમાં "અરજદારની અરજીની જન્મ મરણ નોંધણીની જોગવાઈ હેઠળ વૈદ્યાનિક રજીસ્ટરમાં અરજદારે માંગેલી વિગત નોંધવાની જોગવાઈ નથી તથા નોંધણી નકલ માંગણીનો રેકર્ડ સાચવવાનો સમય બીપીએમસી એકટ રેકર્ડ રુલ્સ બુક મુજબ ( E, Category, reservation, period two years No.-35 /71 )૨ વર્ષ સુધી હોય છે." તેવી માહિતી પૂરક વિગતોમાં જણાવવામાં આવેલ છે.

અરજદારની તા.૧૯–૧૧–૦૯ ની આઈ ડી નં.૩૩૯ થી મરણના દાખલા નં.૧૦૨૬ તા.૧૬–૩–૨૦૦૦ ની ફોટો કોપી રજૂ કરી અરજીથી મુદ્દા નં.૧. મૃત્યુનું પ્રમાણપત્ર મેળવવા અરજી કરનારનું નામ અને સરનામાંની વિગત . મુદ્દા નં.૨ થી મૃત્યૂનું પ્રમાણપત્ર મેળવનાર નામ સરનામાંની વિગત માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૫૧૯ તા.૧૯–૧૨–૦૯ થી અરજદારને " સદર બાબત કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ નથી." તેવી માહિતી આપવામાં આવેલ. જેના સંદર્ભે અરજદારે તા.૨૫–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરી ૧. જાહેર માહિતીના નિર્ણય સાથે અમે સંમત નથી. ૨. તેમને નિર્ણય અંગે કોઈ કારણ જણાવેલ નથી. ૩. (એ) સુરત મહાનગરપાલિકાએ સરખા કેસમાં તા.૫–૩–૦૯ ના રોજ મૃત્યુનું પ્રમાણપત્ર ઈસ્યુ કરેલ છે તથા અરજદારે અપીલ અરજીમાં જણાવેલ છે કે જન્મ અને મરણ નો રેકર્ડ કાયમી છે. તેથી જાહેર માહિતી અધિકારીના નિર્ણયનો વિરોધ કરી માહિતી પૂરી પાડવા જણાવેલ છે. (બી) આરટીઆઈ એકટની કલમ–૭(૧) અને નિયમ–૪ હેઠળ માહિતીની માંગણી કરેલ છે અને કલમ–૮ કે ૯ હેઠળ માહિતીનો ઈન્કાર જાહેર માહિતી અધિકારીએ કરેલ ન હોય આરટીઆઈના નિયમનું પાલન કરવા જણાવેલ છે. (સી) અરજદારે પેટા કલમ–૪(૪) હેઠળ અંગ્રેજી તથા હિન્દી ભાષામાં પત્ર વ્યવહાર કરવા જણાવેલ છે. વધુમાં અરજદારે રજૂઆત કરેલ છે કે આરટીઆઈ રુલ્સ –૪ હેઠળ માત્ર ૪(૧) ૪(૨) બે જ પેટા નિયમો છે. તેની જાહેર માહિતી અધ્કિારીએ પાઠવેલ પ્રત્યુત્તરના ફોર્મમાં જણાવેલ નિયમ–૪(૩) અસ્તિત્વમાં નહીં હોવાનું જણાવેલ છે.

જે બાબતે પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૯૩ તા.૧૦–૨–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને પત્ર પાઠવી તા.૨૨–૨–૧૦ ના રોજ બપોરે ૪.૦૦ કલાકે સુનાવણી રાખવામાં આવેલ. જેમાં અરજદાર સાંજે ૫.૦૦ કલાક સુધી હાજર રહેલ નહીં. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી આરોગ્ય અધિકારી અને સબ રજીસ્ટાર વેસ્ટઝોન ઉપસ્થિત રહીને જણાવેલ કે તા.૧૬–૨–૧૦ ના રોજ જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતો મોકલેલ છે. જેમાં બીપીએમસી એકટ–ઈ ૭૧ મુજબ નોંધણી ફોર્મનો રેકર્ડ ૨ વર્ષ સાચવવાનો છે. વધુમાં સને ૨૦૦૬ ની સાલમાં સુરતમાં ભારે પુર આવેલ. તે સમયે વેસ્ટઝોન કચેરી ખાતે લગભગ ૧૦ ફુટ જેટલા પાણી હતાં. જેમાં ઘણા રેકર્ડ નાશ પણ પામેલ છે. જેથી અરજદારે માંગેલ માહિતી પ્રસ્તુત તબકકે ઉપલબ્ધ થઈ કે તેમ નથી. વધુમાં મરણ નોંધણી રજીસ્ટરમાં મરણ નોંધ કોણે કરાવેલ તથા દાખલા ની નકલ કોણે લીધેલ છે તેની વિગતો નોંધવામાં આવતી નથી.તેવી રજૂઆત સુનાવણી વખતે કરવામાં આવેલ છે. આમ અરજદારે માંગેલ માહિતી બાબતે રેકર્ડ નોંધવાની જોગવાઈ નથી. જયારે રજૂ કરેલ સર્ટીફીકેટ બાબતે નોંધણી ફોર્મનો રેકર્ડ પૂરમાં નાશ પામેલ હોવાનું જણાવેલ છે. અરજદારની કલમ–૪(૪) મુજબ તમામ સામગ્રીનો પ્રસાર , ખર્ચની અસરકારકતા સ્થાનીક ભાષા અને તે સ્થાનીક વિસ્તારમાં સંદેશા વ્યવહારની સૌથી અસરકારક પધ્ધતિને ધ્યાને લઈને કરવો જોઈએ તેવી જોગવાઈ છે. તથા આ અધિનિયમના ૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેથી અથવા નિયંત્રણ હેઠળની માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જેથી જાહેર માહિતી અધિકારીએ અરજદારને પૂરી પાડેલી માહિતી તે જોગવાઈ સાથે સુસંગત જણાય છે.

સમગ્ર હકીકત જોતાં અરજદારના તકરારી મુદ્દા પ્રશ્ન હેઠળના મૃત્યુ પ્રમાણપત્રની નોંધણી કોણે કરાવેલ તથા પ્રમાણપત્ર કોણે લીધેલ તેની માહિતી મેળવવાને લગતી છે. જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ વિગત મુજબ આ બાબત મૃત્યૃની નોંધણી રજીસ્ટરમાં નોંધવામાં આવતી નથી. તેથી કાયમી પ્રકારનો કે લાંબા સમય રાખવાના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાંથી તે વિગતો મળી શકે તેમ નથી. તે બાબત દફતરી પધ્ધતિને સુસંગત જણાય છે. જાહેર માહિતી અધિકારએ પાઠવેલ નમુનો યોગ્ય છે. પરંતુ નિયમ લખવામાં ભુલ જણાય છે. અરજદારે અપીલ દરમ્યાન વિવાદ ઉત્પન્ન કરી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અંગ્રેજી ભાષામાં માહિતીનો આગ્રહ રાખેલ છે. કાયદાની કલમ–૬(૧) હેઠળ અરજદાર અરજી હિન્દી, અંગ્રેજી કે પ્રાદેશિક ભાષામાં કરી શકે છે. પરંતુ માહિતી આપવાનો સબંધ છે ત્યાં સુધી કાયદા કે નિયમમાં તે અંગે કોઈ સ્પષ્ટ આગ્રહ અન્ય ભાષામાં માહિતી આપવા ઠરાવેલ નથી. તે સંજોગોમાં જાહેર સત્તા મંડળની વહીવટની અધિકૃત ભાષા જે બંધારણની અનુસૂચિ–૮ હેઠળની માન્ય ભાષા પૈકીની છે. તેમાં આપેલ પ્રત્યુત્તર બંધારણીય અને વહીવટી જોગવાઈ અનુસારનો ગણાય.

અરજદારે કાયદાની કલમ–૪ હેઠળ પ્રચાર– પ્રસારનો ઉપસ્થિત કરેલ મુદ્દો પણ જાહેર સત્તા મંડળની સ્થાનિક ભાષામાં કરવાને લગતો છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે દફતરી હીકકત પૂરી પાડેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું નથી. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો હુકમ મળ્યાની દિન–૭ ની અવધિમાં અરજદાર જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી પ્રશ્ન હેઠળના દફતરનું ઈન્સ્પેકશન કરવા સ્વતંત્ર છે. જે અંગે લાગુ કિસ્સામાં કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની દસ્તાવેજ ફી તેમણે ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી તેની માંગણી થયે હુકમની અમલવારી કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(રાંદેર ઝોન) ..જાણ તથા અમલ માટે
(૨)K.Krishna Das,